**નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતે સ્વચ્છતા જાળવવા બાબત**

## :: પરિપત્ર ::

માન. કુલપતિશ્રીના ધ્યાન પર આવ્યું છે કે નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતે આવેલી કોલેજોની આજુબાજુ તથા મુખ્ય માર્ગો પર સ્વચ્છતા જળવાતી નથી તથા સુકા પાંદડા, તૂટેલી ડાળીઓ, નાળીયેરીના છટીયા વિગેરે ઠેર ઠેર વિખેરાયેલા પડેલાં જોવા મળે છે જેથી આકસ્મિક રીતે કોઈપણ મહાનુભાવનું આગમન થાય તો આપણી યુનિવર્સિટીની પ્રતિષ્ઠા પર અસર થાય તેમ છે જે બિલકુલ ઇચ્છનીય નથી. આથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, ફાર્મ મેનેજરશ્રીઓને માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે કોલેજોની આજુબાજુ તથા મુખ્ય માર્ગો પર વિખેરાયેલા પડેલાં સુકા પાંદડા, તૂટેલી ડાળીઓ, નાળીયેરીના છટીયા વિગેરેને તાત્કાલિક ભેગા કરાવી નિકાલ કરવો. આ માટે સૌએ સાથે મળીને કામગીરી કરવાથી યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસને સ્વચ્છ બનાવી શકાશે જેની આપણા સૌની નૈતિક જવાબદારી છે. આ પરિપત્રનો તાત્કાલિક અમલ કરવો.

જા.નં.નકૃયુ/રજી/પીએસટુઆર/૫૩૦૫-૫૪/૨૦૨૧
નવસારી, તા.૦૪/૦૬/૨૦૨૧

કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

(૧) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
(૨) તમામ કોલેજો/પોલીટેકનીક ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ
(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ